# Day to Day Current Affairs
## September – 2015

## ❖ ૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ (શુક્રવાર)

### 1) પ્રધાનમંત્રી મુદ્રા યોજના :–

- વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દેશમાં ઉત્પાદન, સેવા, નાના વ્યવસાય તેમજ મોટા વ્યવસાય અને કામને સમાન તક મળે એ માટે તા. ૦૮/૦૪/૨૦૧૫ ના રોજ પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનું ઉદઘાટન કર્યુ હતું.
- નાણામંત્રાલયની આ યોજના અંતર્ગત નીચે મુજબની લોન મળવાપાત્ર છે.
  ૧) શિશુ લોન :– ૫૦,૦૦૦/– સુધી લોન
  ૨) કિશોર લોન :– ૫૦,૦૦૦ થી ૫ લાખ સુધીની લોન
  ૩) તરૂણ લોન :– ૫ લાખ થી ૧૦ લાખ સુધીની લોન
- યોજનાનું સુત્ર :– "પ્રગતિ તમારી, ખુશી અમારી"

### 2) વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડિસેમ્બર – ૨૦૧૫ સુધીમાં ૭ દેશોનો પ્રવાસ કરશે :–

- વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી આગામી ડિસેમ્બર સુધીમાં ૭ દેશોનો પ્રવાસ કરશે.
- તેમનો આ સાત દેશના પ્રવાસનો કાર્યક્રમ ૨૨ સપ્ટેમ્બરના રોજ આયર્લેન્ડથી થશે.
- ત્યારબાદ અમેરિકા, સાઉદી અરબ, બ્રિટન, તુર્કી, મલેશિયા અને ફ્રાંન્સના પ્રવાસે જશે.

Vivekanand Academy, Gandhinagar